ક્રો.લેખ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં રહેતા લાભાર્થી વિદ્યાર્થીઓ/ અંતેવાસીઓ માટે રાહત દરે ખાદ્ય અનાજ પુરવઠો પૂરો પાડવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૭/૫૨૮૪૧૪/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૧/૨૦૧૮

વંચાણમાં લીધુ:-

(૧) ભારત સરકારના તા.૦૧/૦૯/૨૦૧૭ના પત્રક્રમાંક: 9-5/2014-BP.II

(૨) ભારત સરકારના તા.૦૫/૦૯/૨૦૧૭ના પત્રક્રમાંક: 9-5/2014-BP.II

(3) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકારના તા.૦૬/૦૯/૨૦૧૭ના પત્રક્રમાંક: PDS/૧૪-૨૦૧૪/GOI/૯૧/ક

## પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના ભારત સરકારના તા.૦૧/૦૯/૨૦૧૭ના પત્રથી કેન્દ્ર સરકારે અનુસૂચિત જાતિ **(SC)**/ અનુસૂચિત જનજાતિ**(ST)** અને અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો **(OBC/SEBC)** ના છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં રહેતા વિદ્યાર્થીઓ/લાભાર્થીઓ માટે રાહત દરે ખાદ્ય અનાજ **(Foodgrain)** પૂરૂ પાડવા માટેની યોજના દાખલ કરીને તે અંગેના અમલ માટેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડી તે યોજનાને "કલ્યાણ સંસ્થાઓ અને છાત્રાલય યોજના" **(Welfare Institutions and Hostels Schemes)** એવું નામ આપ્યું છે. ભારત સરકારની ઉપરોક્ત યોજના અમલ અંગે વંચાણે લીધેલા ક્રમાંક (3) સામે દર્શાવેલ અન્ન, નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતેના વિભાગે તેના તા.૦૬/૦૯/૨૦૧૭ના પત્રથી આ વિભાગને જાણ કરી હતી અને આ અંગે વખતો વખત અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગના, ગુજરાત નાગરિક પુરવઠા નિગમ તેમજ સામાજિક ન્યાય અને આદિજાતિ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે બેઠકો યોજાઇ હતી.

રાહત દરે ખાદ્ય અનાજ પુરૂ પાડવા માટેની ભારત સરકારની આ યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત છાત્રાલયો અને આશ્રમ

શાળાઓ માટે લાગુ પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આ અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

## <u>ઠ રા વ :-</u>

ભારત સરકારની ઉપરોક્ત યોજના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત છાત્રાલયો, આશ્રમ શાળાઓ, હાઇસ્કુલો, વૃધ્ધાશ્રમો વગેરે માટે નીચેની વિગતે અને શરતોએ લાગુ પાડવામાં આવશે.

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત ત્રણેય ખાતાના વડાઓ હેઠળ સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ **(Grant in aid)** દ્વારા ચલાવાતાં છાત્રાલયો, આશ્રમ શાળાઓ, અનાથ બાળકોની શાળાઓ અને વૃધ્ધાશ્રમોમાં રહેતા વિદ્યાર્થીઓ/લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાના રહેશે. હાલની સ્થિતિએ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હેઠળ અંદાજે ૮૮ આશ્રમ શાળાઓમાં અંદાજે ૧૦,૩૨૫ વિદ્યાર્થીઓ તેમજ અંદાજે ૫૭૮ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં રહેતાં અંદાજે ૨૪,૫૧૯ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૪,૮૪૪ છાત્ર/છાત્રાઓ તેમજ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હેઠળ કાર્યરત ૭૭૫ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ભણતાં અંદાજે ૪૪,૩૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૧૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમ શાળાઓમાં ભણતાં અંદાજે ૨૭,૭૦૦ છાત્ર/છાત્રાઓ મળી કુલ ૭૨,૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ નિયામક, સમાજ સુરક્ષા હેઠળ કાર્યરત ૧૮૯ સંસ્થાઓમાં અંદાજે ૭,૬૦૯ લાભાર્થી/અંતેવાસી મળીને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની અંદાજે ૧૭૮૨ સંસ્થાઓમાં અંદાજે ૧,૧૪,૪૫૩ વિદ્યાર્થી/લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાના રહેશે. આ સંખ્યામાં વધઘટનો અવકાશ રહેશે.

૨. ભારત સરકારની આ યોજના અંતર્ગત વિભાગ હેઠળની લાભાર્થી સંસ્થાઓમાં રહેતાં લાભાર્થી વ્યક્તિ દીઠ માસિક ૧૫.૦૦ કિલો ઘંઉ અને ૧૫.૦૦ કિલો ચોખા ભારત સરકારની નીતિ પ્રમાણે રાહત દરે મળવાપાત્ર રહેશે.

૩. ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ પ્રમાણે જે તે રાજ્યએ/કેન્દ્ર શાસિત પ્રદેશો તેની વાર્ષિક જરૂરિયાત નિશ્ચિત સમયે અગ્રિમ ધોરણે જણાવવાની રહેશે. જેથી કેન્દ્ર સરકારની સંબંધિત સંસ્થાઓ પૂરતા પુરવઠા માટેનો બંદોબસ્ત કરી શકે. આ અંગેનું ચુકવણું પણ ભારત સરકારને અગાઉથી કરવાનું હોવાથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વિકસતી જાતિ કલ્યાણ, અનુસૂચિત જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા ખાતા હેઠળના જિલ્લા કક્ષાના વડાઓએ તેમના તાબા હેઠળની સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ અને તેમાં રહેતા લાભાર્થીઓની યાદી અને ખાદ્ય અનાજની જરૂરીયાતનું સંકલન કરીને ગુજરાત નાગરિક પુરવઠા નિગમના જિલ્લા કક્ષાના સત્તાવળાઓ એટલે કે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પુરવઠા શાખા, કલેક્ટર કચેરી મારફતે નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર સ્થિત કચેરીના સત્તાવાળાઓને પહોંચાડવાની રહેશે અને તેઓની ફાળવણી મુજબ અને શરતો પ્રમાણે ચૂકવણું કરીને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી લેવાનો રહેશે.

૪. આ યોજનાનો લાભ લેવા ઇચ્છતી જે તે સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ સંબંધિત જિલ્લા અધિકારીના સંપર્કમાં રહીને સમયસર પોતાના ખાદ્ય અનાજની જરૂરીયાત દર મહિને જણાવવાની

રહેશે. આ વિભાગ હેઠળના અધિકારીઓ અને ગુજરાત નાગરિક પુરવઠા નિગમના અધિકારી ઠરાવે તે રીતે ચૂકવણું કરવાનું રહેશે અને સ્વૈચ્છિક સંસ્થાઓ ખાદ્ય અનાજનો પુરવઠો ક્યાંથી, કેવી રીતે અને કઈ શરતે મેળવવા માંગે છે તેની શરતો અને બોલીઓ નક્કી કરીને જિલ્લા/તાલુકાનાં નિશ્ચિત કેન્દ્ર ખાતેથી કે પોતાની સંસ્થા ખાતે ઘેર બેઠા **(Home delivery)** પુરવઠો લેવા માંગે છે તેની વિગતો નિર્ધારીત કરી લેવાની રહેશે.

૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની ચાલવાવાળી સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાનાં રસોડાં પોતે જ ચલાવતી હોવાથી આ યોજના હેઠળ રાહત દરે અનાજનો લાભ લેવો કે ન લેવો તે બાબત સ્વૈચ્છિક છે.

૬. જરૂરી અનાજના જથ્થા માટેનું ઇન્ડેન્ડ છ માસિક ધોરણે ભરાવવાનું જે તે સંસ્થાએ નક્કી કરાવવાનું રહેશે.

૭. આ યોજનાના લાયઝન ઓફીસર તરીકે આ વિભાગ હેઠળના ત્રણેય નિયામકશ્રીઓ (અ.જા/વિ.જા./સ.સુ) રહેશે જેથી પોતપોતાની સંસ્થાઓ અંગેનું સંકલન સારી રીતે થઈ શકે.

૮. આ યોજના હેઠળ પુરવઠાની માંગણી વગેરે માટે વેબસાઇટ ઉપર ડેટા એન્ટ્રી જે તે સરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓએ કે કોઇ નિયુક્ત એજન્સી/સંસ્થા દ્વારા ખાતાના વડાની દેખરેખ હેઠળ કરવાની રહેશે.

૯. યોજનાના અમલમાં મુશ્કેલીઓ ઉભી થાય તો સ્વૈચ્છિક સંસ્થાઓએ, જિલ્લા સત્તાવાળાઓએ સંબંધિત નિયામકોના માર્ગદર્શન હેઠળ તેનું નિરાકરણ લાવવાનું રહેશે.

આ ઠરાવ અધિક મુખ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની તા.૨૨/૧૨/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું/અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું/સમાજ સુરક્ષા ખાતું
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, સામાજિક ન્યાયઅને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.